ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# જીલ્લામાં કુપોષણ સામેનો જંગ આરંભાયો



## દહેગામમાં આયુર્વેદ બિસ્કીટ બાળકોને અપાશે
## કલોલમાં દૂધ અને પ્રોટીન પાવડરનું વિતરણ થશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં કૂપોષણ સામેના જંગનો આજે તંત્રએ ''ધન્વતરી'' બાલ ભોગ પૂરક આહાર યોજના અમલી બનાવી કર્યો છે.

જિલ્લાનાં આંગણવાડીમાં ૧૭૦૦ થી પણ વધુ બાળકો રેડઝોનમાં આવે છે અને યલોઝોનમાં પણ ૧૬ હજારથી વધુ બાળકો છે. બાળકોને કૂપોષણથી મુક્ત કરવા માટે ગાંધીનગર જિલ્લાના દહેગામ અને કલોલતાલુકામાં પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરાયા છે.

દહેગામમાં આયુર્વેદ બિસ્કીટ પૂરક આહારમાં અપાશે. તો કલોલમાં નાઉ વિટામીન્સ ભરપૂર પ્રોટીન પાવડર અને દૂધ બાળકોને આપવામાં આવનાર છે.

દહેગામમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન અને પંચાયત પ્રમુખ શ્રીમતિ હીના પટેલની ઉપસ્થિતિમાં આ પ્રોજેક્ટનો પ્રારંભ કરાયો છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેકવાને જણાવ્યું હતું કે આ બિસ્કીટ પાંચ ગ્રામ વજન ધરાવે છે. હાલ ૧૦૦ આંગણવાડી કેન્દ્રો ઘટક-૨ ના છે તેના બાળકોને અપાશે. આ બાળકોનું દર સપ્તાહે મેડીકલ ચેક-અપ કરવામાં આવશે. આ સાથે ઘટક-૧ ના બાળકોનું પણ નિયમિત મેડીકલ ચેક-અપ કરાશે અને શું તફાવત રહે છે તેનો અભ્યાસ કરવામાં આવશે. આ પછી પ્રોજેક્ટના અમલીકરણમાં આગળ વધવામાં આવશે.

પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે જણાવ્યુ હતુ કે કૂપોષણ એ સમાજનું કલંક છે અને તે નાબુદ કરવા તંત્ર કટીબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે બિસ્કીટમાં આયુર્વેદની દવાઓ અને પ્રોટીન્સ છે જે બાળકના સર્વાંગી વિકાસ માટે ઉપીયોગી પુરવાર થશે.

બીજી તરફ કલોલ પ્રાંત કચેરી દ્વારા બાળકોને નાઉ વિટામીન્સનો પ્રોટીન પાવડર દૂધમાં ભેળવી આપવાનું આયોજન છે. આ પાવડર માટે તંત્રએ વ્યવસ્થા કરી છે તો ગ્રામજનોના સહયોગથી દૂધ મંડળીઓ દ્વારા એક બરણી દૂધ આપવામાં આવનાર છે.

પ્રાંત અધિકારી શ્રી રાઠોડના જણાવ્યાનુસાર આ બાળકોનું પણ નિયમિત મેડીકલ ચેક-અપ કરવામાં આવનાર છે તેમજ સમગ્ર આયોજન લોકસહકારથી કરવામાં આવ્યું છે.

જિલ્લામાં કુપોષણ સામેના જંગ માટે છેલ્લા ઘણા સમયથી તંત્ર દ્વારા કવાયત ચાલી રહી હતી. આખરે તંત્રએ પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવ્યા છે.

## સ્કૂલ વર્ધીના વાહનોમાં ફાયર સેફ્ટીના સાધનો રાખવા ફરજીયાત

### વાહનોમાં નિયમ મુજબ જ વિદ્યાર્થીઓ ભરવા ખાસ સુચના આપી દેવાઈ : સ્કૂલવાન ઓવર સ્પીડે જણાશે તો માત્ર પાવતી નહી પકડાવાય, ડ્રાઈવર સામે ગુનો દાખલ કરાશે

ગાંધીનગર, તા. ૧૬

સ્કૂલ વાહનોના વધી રહેલા માર્ગ અકસ્માતોને ગંભીરતાથી લઈને ગાંધીનગર ડીએસપીએ શાળા સંચાલકો, વાલીઓ તથા સ્કૂલ વર્ધી મારતા ડ્રાઈવરો સાથે મિટીંગ ગોઠવીને કેટલાક મુદ્દાઓનું કડકપણે અમલ કરવા સુચના આપી હતી. જેમાં ગતિ મર્યાદા અને વાહનમાં વિદ્યાર્થીઓની સંખ્યા પર પણ ખાસ ભાર મુકાયો હતો. તે ઉપરાંત દરેક સ્કૂલવર્ધી મારતા વાહનોમાં ફાયર સેફ્ટીના સાધનો ફરજીયાત રાખવા પણ સુચના આપી દેવામાં આવી છે.

પોલીસ હવે સ્કૂલ વર્ધી મારતા વાહનોની પેસેન્જર સીટીંગ કેપેસીટી તપાસ કર્યા ઉપરાંત વાહનનું આરટીઓ રજીસ્ટ્રેશન થયેલું છે કે કેમ ? તેની તપાસ તો કરશે જ પરંતુ તેની સાથે સાથે આ ગાડીઓમાં ફાયર એસ્ટીગ્યુઝર લગાડાયેલા છે કે નહી તેની પણ તપાસ કરશે. વિદ્યાર્થીઓને લઈ જતી કે લાવતી વખતે આગ લાગવા જેવી દુર્ઘટના બની જાય તો તેવા સમયે તાત્કાલીક ફાયર એસ્ટીંગ્યુઝરની મદદથી આગ મોટુ સ્વરૂપ ધારણ કરે તે પહેલા જ કાબુમાં લઈને ડ્રાઈવર પોતે પણ વિદ્યાર્થીઓના જીવ બચાવી શકે તે માટે એસ્ટીગ્યુઝર ફરજીયાત કરવામાં આવ્યા છે. તે ઉપરાંત વાહનની ગતિ મર્યાદા પણ ખાસ પોલીસ ધ્યાને લેશે. જો સ્કૂલ વર્ધી મારતા વાહન બેફામ ગતિએ જતાં નજરે ચઢશે તો તેના ડ્રાઈવરને માત્ર પાવતી પકડાવીને ચાલતો કરાશે નહી, તેની સામે ગુનો દાખલ કરવા પણ ખાસ સુચના આપી દેવામાં આવી છે.




નાતાલની અનોખી ભેટ - ગાંધીનગર ટ્રાફીક પોલીસે ટ્રાફીક નિયમન માટે અને અકસ્માત નાથવા ખૂબ આકર્ષક અને પ્રસંશનીય હોર્ડીંગ્સ શહેરના રાજમાર્ગો પર લગાવ્યા છે... નાતાલના આગમનના પગલે શાન્તાક્લૉઝના ફોટોગ્રાફ સાથે ભેટના સ્વરૂપમાં અનેક ટ્રાફીક નીશાનીઓ પ્રતિકાત્મક રીતે મૂકી છે. છેલ્લા ૬ મહિનાથી ગાંધીનગર ટ્રાફીક પોલીસ નગરમાં અકસ્માતો નાથવા ભરપૂર પ્રયાસો કરે છે. અગાઉ શાળા-કૉલેજોના દરવાજે વિદ્યાર્થીઓને અનુરૂપ સૂચના આપતા હોર્ડીંગ્સ લગાવાયા હતા અને રાજમાર્ગો પર પણ ગતિ નિયંત્રણ માટેના માર્ગદર્શક વાક્યો સાથે સરસ મજાના લખાણો રજૂ કર્યા હતા. અકસ્માતો એ ગાંધીનગરની એક નબળી કડી છે. પહોળા માર્ગોના કારણે બેફામ દોડતા વાહનોને નિયંત્રિત કરવાના પ્રયાસો વિવિધ પ્રકારે થઈ રહ્યા છે તે આવકારદાયક છે અને ખાસ કરીને ટીનેજર્સના દ્વિચક્રી વાહનો દ્વારા સર્જાતા અકસ્માતોમાં વધારો ચિંતાજનક સ્થિતિએ છે ત્યારે આખો સમાજ હોર્ડીંગ્સ નિદર્શન માત્ર વાંચીને નહિ પણ પચાવીને સંતોષ માને એવી શ્રદ્ધા અસ્થાને નથી.... (તસવીર : કશ્યપ નિમાવત)

## મનપા સફાઈ કામદારોને ખાસ ગણવેશ આપશે

### ૧૯મીએ સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગે નિર્ણય લેવાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હવે તેના સફાઈ કામદારોને ગણવેશ આપવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા આ મહત્વનો નિર્ણય તેની આગામી સ્થાયી સમિતિની બેઠકમાં લેવાશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક આગામી ૧૯મી ડિસેમ્બરના રોજ ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળવાની છે. શહેરના સફાઈ કામદારોના ગણવેશની બાબત છેલ્લા ઘણા સમયથી તંત્રની વિચારણામાં છે.

ચેરમેનશ્રી આશિષ દવેને પુછતાં તેમણે જણાવ્યુ હતુ કે કર્મચારીઓએ કચેરીના અંગ છે અને તેમની સુખાકારી તેમજ પ્રશ્નો એ અમારા પ્રશ્નો છે. અમે તેમને ગણવેશ આપવા માટે સાનુકૂળ નિર્ણય ચોક્કસ કરીશુ.

શહેરમાં રાત્રી સફાઈની કામગીરી હાથ ધરી શકાય તેમજ દિવસે પણ સફાઈ નિયમિત રીતે થાય તે માટે અલગ ડ્રેસ કોડ નિયત કરવો તે આવશ્યક હોવાથી અમે ચોક્કસ આ દિશામાં આગળ વધી રહ્યા છીએ તેમ પણ શ્રી દવેએ જણાવ્યુ હતું.

સ્થાયી સમિતિની બેઠકમાં સફાઈના સાધનોને લઈ પણ વિચારણા કરવામાં આવનાર છે. આ ઉપરાંત સભ્યોએ સૂચવેલા વિકાસ કામોમાં વોટર કૂલર અને આર.ઓ. પ્લાન્ટના જે કામો છે તે અંગે પણ નિર્ણય કરી અમલીકરણ માટે આગળ વધવાની બહાલી આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સફાઈ-કામદારો માટે હવે ખાસ ડ્રેસ કોડ નિયત કરવામાં આવશે.

છેલ્લા કેટલાક વખતથી ગાંધીનગર શહેરમાં સફાઈની સમસ્યા શીરદર્દ બની છે ત્યારે સફાઈ કામદારોને પ્રોત્સાહિત કરવા અને શીસ્તનો માહોલ નિર્માણ કરવા ખાસ પ્રકારનો ડ્રેસ કોડ અમલી બનાવાઈ રહ્યો છે. સામાન્ય પ્રજા પણ સફાઈ કામદારને સહજતાથી ઓળખી શકે એ હેતુ પણ ડ્રેસ કોડ પાછળ છે.

## ખૂણે... ...ખાંચરેથી

- અમદાવાદ ખાતે યોજાનાર મેરેથોનમાં ગાંધીનગર રનર્સ કલબના સભ્યો ભાગ લેનાર છે.
- ગાંધીનગરમાં ઠંડીની તીવ્રતા વધતાં સ્કૂલના સમયમાં ફેરફેર કરવાની માંગ સાથે વાલીઓમાં ગણગણાટ શરૂ થયો છે.
- રાજ્યના નવા રચાયેલા સાત જિલ્લા કલેક્ટરોને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આજે કોંગ્રેસના નેતાઓની એક મહત્વની બેઠક પ્રભારી ગુરૂદાસ કામતની ઉપસ્થિતિમાં મળી હતી.
- ૨૦મી ડિસેમ્બરના રોજ જિલ્લાના પ્રભારી સચિવશ્રી સંજયપ્રસાદ જિલ્લાના પ્રવાસે છે.

## રૂપાલમાં ૨૦મીએ જનસેવા કેમ્પ

### છ પ્રકારની સેવાઓ માટે તંત્ર દ્વારા ખાસ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬


આગામી ૨૦મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે તંત્ર દ્વારા એક જનસેવા કેમ્પનું વિશેષ અભિયાન યોજવામાં આવ્યું છે.

અધિક નિવાસી કલેક્ટર ડૉ. મોડિયાએ આજે આ અંગે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ૨૦મી ડિસેમ્બરના રોજ જનસેવા કેમ્પમાં રૂપાલ-સરઢવના ગ્રામજનોને છ જેટલી ખાસ સવલતો પુરી પાડવામાં આવશે.

જેમાં જાતિ, આવકના દાખલા ઉપરાંત રેશનકાર્ડમાં સુધારા-વધારા, સિનીયર સિટીઝન્સ અંગેના પ્રમાણપત્ર, નિરાધાર-વૃધ્ધ સહાય અને વિધવા સહાયની અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

વહીવટીતંત્રને પ્રજાભિમુખ બનાવવાના આયોજનના ભાગરૂપે તંત્ર ગ્રામ્ય વિસ્તારોમાં આવા કેમ્પ કરી અને લોકોને સીધી સેવા ઉપલબ્ધ કરાવશે. ડૉ. મોડિયાએ જણાવ્યું હતુ કે આ પ્રકારના કેમ્પને કારણે આ છ જેટલા પ્રશ્નોને લઈ લોકોને ગાંધીનગર સુધીના ધક્કા મટી જાય તે મોટો આશય છે.

જિલ્લાના લગભગ તમામ ગામોને સાંકળી લેતા આવા બીજા કેમ્પો કરવા માટેનું હાલ આયોજન થઈ રહ્યું છે. આ કેમ્પમાં સંબંધિત વિભાગોના અધિકારીઓની ટીમ ખાસ ઉપસ્થિત રહેશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.



ચલો સ્કૂલ ચલે - હવે તો વાંદરાભાઈ પણ શાળામાં ભણવાનો વિચાર કરી રહ્યા છે. શિક્ષણનો વિસ્તાર વધતો જાય છે એમ પશુ-પ્રાણીઓ પણ સાથે જશે એવા દિવસો દૂર નથી લાગતા એવી કલ્પના સાથેનું દશ્ય તસવીરકારે કેમેરામાં કંડાર્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## સામાજિક એકતા વિના વિકાસ શક્ય નથી

### અમદાવાદ ખાતે બ્રહ્મસમાજ યોજિત જીવનસાથી પસંદગી સંમેલનમાં ૧૨૦૦થી વધુ યુવક-યુવતીઓ જોડાયા

અમદાવાદ, તા. ૧૬

સામાજિક એકતાથી રાષ્ટ્રીય એકતાના લક્ષ્ય સુધી પહોંચવા બ્રહ્મ સમાજે એક બનવું પડશે. એકતા વિના વિકાસ નથી અને વિકાસ વિના સ્પર્ધામાં ટકી શકાતું નથી.





વર્તમાન સ્થિતિમાં બ્રાહ્મણ પરિવારોએ એક બની એકતાની અનુભૂતિ કરાવવી અનિવાર્ય બની છે. ઉપરોક્ત શબ્દો જાણીતા એડવોકેટ અને સમાજસેવી શ્રી મનોજભાઈ જોશીએ અમદાવાદ ખાતે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ આયોજિત જીવનસાથી પસંદગી મેળાના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન પદેથી ઉચ્ચાર્યા હતા. શ્રી જોશીએ નાના-મોટા મતભેદો ભૂલી 'બ્રાહ્મણ સૌ એક' સૂત્રને ચરિતાર્થ કરવા અનુરોધ કર્યો હતો. જીવનસાથી પસંદગી સંમેલનના આયોજન બદલ અમદાવાદ શહેર પશ્ચિમ વિભાગના પદાધિકારીઓના પ્રયાસને બિરદાવ્યો હતો. જીવનસાથી પસંદગી સંમેલનમાં રાજયભરમાંથી ૧૨૦૦થી વધુ યુવક-યુવતીઓ જોડાયા હતા.

આ પ્રસંગે આર્શીવચન આપતા પ.પૂ. ચૈતન્ય મહારાજે બ્રાહ્મણોને પારંપરીક સંસ્કારોથી ચલિત ન થવા અનુરોધ કર્યો હતો. પૂ. યોગીજી મહારાજે બ્રહ્મ સમાજના યોગદાનને યાદ કરી સામાજિક જવાબદારીઓ અદા કરવામાં બ્રાહ્મણોએ પાછી પાની કરવી જોઈએ નહીં. સમસ્ત ગુજરતા બ્રહ્મ સમાજના રાજય પ્રમુખ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પ્રભારી સચિવોએ સરકારને નોંધ આપવી પડશે

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લા પ્રભારી સચિવોએ હવે જિલ્લાની મુલાકાત લીધા બાદ જિલ્લામાં કરેલી કામગીરી અંગેની મહત્વની બાબતો અંગેની એક નોંધ તૈયાર કરીને સરકારને રજુ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લાના પ્રભારી સચિવોએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાની લીધેલ મુલાકાતમાં ફાળવેલ સમય જિલ્લાના પ્રભારી મંત્રી સાથે જિલ્લાના પ્રશ્ને કરેલ બેઠક ચર્ચા વિચારણા તથા પ્રભારી સચિવના આગામી ૬ માસ માટે તેમના જિલ્લાના વિકાસ માટે તેઓએ અપનાવેલ દૃષ્ટિકોણની વિગતો સરકારે માંગી હતી.

આ ઉપરાંત જિલ્લાના પ્રભારી સચિવોએ જિલ્લાની નિયમિત મુલાકાત લઈ કુદરતી અથવા માનવસર્જીત આપત્તિ દરમિયાન જિલ્લામાં પહોંચીને સંબંધિતોના પરામર્શમાં રહી ઉદ્‌ભવેલ પરિસ્થિતિ સામાન્ય બને તે સુનિશ્ચિત કરવાનું જિલ્લાના અગત્યના પ્રશ્નો ફ્લેગશીપ યોજનાઓની સમીક્ષા શાળા પ્રવેશોત્સવ કૃષિ મહોત્સવ જેવા અગત્યના કાર્યક્રમોમાં હાજરી આપવાની જિલ્લાની અગત્યની બાબતો જોવાની કામગીરી કરવાની છે. તેમજ છેલ્લા બે વર્ષ દરમિયાન ૨૭ જેટલા અધિકારીઓએ કામગીરી સરકારમાં રજુ કરવામાં આવી હતી.

જિલ્લા પ્રભારી સચિવોએ તેમને ફાળવેલ જિલ્લામાં સો ટકા કે તેથી વધુ કામગીરી બજાવી હોવાનું સમીક્ષા દરમ્યાન સરકારને જાણવા મળ્યું છે.

આ બાબતની નોંધ લઈને રાજ્ય સરકારે તમામ જિલ્લા પ્રભારી સચિવોને તેમને ફાળવેલ જિલ્લામાં કરવામાં આવેલી કામગીરી અંગેની નોંધ તૈયાર કરીને મહત્વના ચારથી પાંચ મુદ્દાઓની નોંધ સરકારને સુપરત કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૯-૧૨-૧૨, ગુરૂવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૬, ખ-૬ સબ સ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## જાહેરાત

ટ્રેડ યુનિયનના વાર્ષિક રીટર્ન સને-૨૦૧૨નો રીપોર્ટ તૈયાર કરવા સોફ્ટવેરમાં ડેટા-એન્ટ્રી કરાવવાની જરૂર હોઈ, શ્રમ આયુક્તશ્રીની કચેરી, બ્લોક નં. ૧૧, ૧૨ અને ૧૪, બીજો માળ, સેક્ટર-૧૧, ઉદ્યોગ ભવન, ઘ-૪ સર્કલ, ગાંધીનગર દ્વારા ભાવો મંગાવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ તા. ૧૭/૧૨/૨૦૧૩ થી તા. ૨૧/૧૨/૨૦૧૩ દરમિયાન કચેરી ખાતેથી ટેન્ડર મેળવી સિલબંધ કવરમાં કચેરી ખાતે જમા કરાવવું.

નાયબ શ્રમ આયુક્ત,
શ્રમ આયુક્તની કચેરી,
ગાંધીનગર

માહિતી/૧૯૦૦/૧૩-૧૪



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com